# પ્રેસ નોટ

**<u>રાજયની કૃષિ યુનિવર્સિટીઓના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેની સૂચના</u>**

નોડલ અધિકારીશ્રી(શિક્ષણ) અને કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તેમની અખબારી યાદીમાં જણાવે છે કે, રાજયની કૃષિ યુનિવર્સિટીઓ અંતગર્ત ચલાવવામાં આવતા ધોરણ–૧૨ પછીના ગ્રુપ–એ તથા ગ્રુપ–બી માટેના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે પ્રવેશ મેળવવા ઈચ્છતા રાજયના તમામ ઉમેદવારોને આથી જણાવવામાં આવે છે કે, સદર અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે રાજય સરકાર ધ્વારા વર્ષ ૨૦૨૦ દરમ્યાન લેવાનાર GUJCETની પરીક્ષા આપવી ફરજીયાત છે.

કૃષિ યુનિવર્સિટીઓના ગ્રુપ–એ તથા ગ્રુપ–બી (પશુચિકિત્સા અને પશુપાલન સિવાય)ના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની મેરીટ યાદી GUJCETના ૪૦% અને ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં PHYSICS, CHEMISTRY, BIOLOGY/MATHS વિષયની ફકત થીયરીમાં મેળવેલ કુલ ગુણના ૬૦%ના આધારે મેરીટ યાદી તૈયારી કરી તે મુજબ પ્રવેશ કાર્યવાહી હાથ ધરાશે. જયારે સ્નાતક કક્ષાના પશુચિકિત્સા અને પશુપાલનના અભ્યાસક્રમ માટે માત્ર GUJCETના માર્કસના આધારે મેરીટ યાદી તૈયાર કરી પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પ્રવેશ માટે ઓનલાઈન અરજીઓ મેળવી પ્રવેશ આપવામાં આવશે. જેની જાહેરાત પરિણામ જાહેર થયા બાદ કરવામાં આવશે. જે અંગે સંબધિત વિદ્યાર્થીઓ–વાલીઓએ નોંધ લેવા વિનંતી.